પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૮ | ૧૦ નવેમ્બર, ૨૦૧૯, રવિવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




## મંદિર વહીં બનેગા

# જય શ્રી રામ

## અયોધ્યા વિવાદને 'રામ-રામ'

**'સુપ્રિમ'નો ઐતિહાસિક ચુકાદો : વિવાદાસ્પદ જમીન આખરે રામલલાને સોંપાઇ : સુપ્રિમની બંધારણી બેન્ચનો ૫-૦થી ૧૦૪૫ પેજનો ચુકાદો : છેલ્લા ૭૦ વર્ષથી કાયદાકીય લડાઇ અને ૪૦ દિવસ લગાતાર સુનાવણી : સુન્ની વક્ફ બોર્ડને અયોધ્યામાં પાંચ એકડ જમીન અન્યત્ર આપવા હુકમ : મંદિર નિર્માણ માટે ત્રણ મહિનામાં ટ્રસ્ટ બનાવવા કેન્દ્ર સરકારને પણ આદેશ કરાયો : નિર્મોહી અખાડાને ટ્રસ્ટમાં પ્રતિનિધિત્વ આપવાનો સુપ્રિમનો આદેશ : કોર્ટે નિર્મોહી અખાડા અને શિયા વકફ બોર્ડનો દાવો ફગાવ્યો**

નવી દિલ્હી, તા. ૯

છેલ્લા ૭૦ વર્ષથી ચાલી રહેલી કાયદાકીય લડાઇ, ૪૦ દિવસ સુધી સતત ચાલેલી મેરેથોન સુનાવણી બાદ આખરે આજે અયોધ્યા મામલામાં સુપ્રીમ કોર્ટે તેનો ઐતિહાસિક ચુકાદો આપી દીધો હતો. સુપ્રિમ કોર્ટે સંપૂર્ણ વિવાદાસ્પદ જમીન રામલલા વિરાજમાનને સોંપવાનો હુકમ કર્યો હતો. સાથે સાથે સુન્ની વક્ફ બોર્ડને અયોધ્યામાં જ કોઇ અન્ય જગ્યા પર પાંચ એકડ જમીન આપવાનો હુકમ કર્યો હતો. આ ચુકાદા પર ભારતભરમાં તમામ લોકોની બાજ નજર રહેલી હતી. રાજકીય રીતે ખુબ જ સંવેદનશીલ ગણાતા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ પર સુપ્રીમ કોર્ટની પાંચ જજની બેંચે સર્વસંમતિથી અથવા તો ૫-૦થી આ ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દેવામાં આવ્યો છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટે રામલલા વિરાજમાન અને સુન્ની વક્ફ બોર્ડને જ પક્ષકાર તરીકે ગણ્યા હતા. ટોપની કોર્ટે અલ્હાબાદ હાઇકોર્ટ દ્વારા વિવાદાસ્પદ જમીનને ત્રણ હિસ્સામાં વિભાજિત કરવાના નિર્ણયમાં પણ સુધારો કર્યો હતો. આખરે સુપ્રીમ કોર્ટે રામલલા વિરાજમાનની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે સુન્ની વક્ફ બોર્ડને કોઇ અન્યત્ર જગ્યાએ પાંચ એકર જમીન આપવામાં આવશે. સાથે સાથે કોર્ટે આદેશ કર્યો હતો કે કેન્દ્ર સરકાર મંદિર નિર્માણ માટે ત્રણ મહિનાનના ગાળામાં એક ટ્રસ્ટ્રની રચના કરે. આ ટ્રસ્ટમાં નિર્મોહી અખાડાને પ્રતિનિધીત્વ આપવાનો આદેશ કરવામાં આવ્યો છે. ભરચક ભરેલા કોર્ટ રૂમ નંબર એકમાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઇએ આશરે ૪૫ મિનિટ સુધી એક એક કરીને ચુકાદો વાંચ્યો હતો. સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે આખરે ૨.૭૭ એકર જમીનની માલિકી હક રામલલા વિરાજમાનને આપી દીધા છે. કોર્ટે કહ્યુ હતુ કે દરેક ધર્મના લોકોને બંધારણમાં એક સમાન સન્માન આપવામાં આવ્યુ છે. સુપ્રીમ કોર્ટના પાંચ જજની બેંચે ચુકાદો વાંચવાની શરૂઆત કર્યા બાદ ઉત્તેજના વધી ગઇ હતી. સુપ્રીમ કોર્ટે આખરે ચુકાદો આપતા વિવાદાસ્પદ જમીન સંપૂર્ણ રીતે રામલલ્લાને આપવાનો આદેશ કર્યો હતો. સીજેઆઇ રંજન ગોગોઇએ કહ્યુ હતુ કે ભારતીય પુરાત્વ સર્વેક્ષણ (એએસઆઇ) પર શંકા કરી શકાય નહીં.



- કોર્ટે ત્રણ પક્ષકારોને જમીન વહેંચણીના અલ્હાબાદ હાઇકોર્ટના નિર્ણયને તાર્કિક ન માન્યો
- રામલલાની પૂજા કરવાનો અધિકાર ગોપાલસિંહ વિશારદને આપવામાં આવ્યો
- માત્ર શ્રધ્ધા રાખવાથી જમીનનું ટાઇટલ સાબિત ન થાય, મંદિર તોડીને મસ્જિદ બનાવ્યાનો એએસઆઇના રિપોર્ટમાં ઉલ્લેખ નથી : સુપ્રીમ કોર્ટ
- મસ્જિદની નીચે મળ્યાં હતા મંદિરના પુરાવા, હિંદુઓની આસ્થા પર કોઈ જ વિવાદ નહીં
- ૧૯૪૯ અને ૧૯૯૨માં મસ્જીદ તોડી પાડવી અને વિવાદ સ્થળે મૂર્તિઓ મૂકવી તે ગેરકાયદે હતુ

● અનુસંધાન પાન-૭ પર

## ૩ મહિનામાં ટ્રસ્ટ બનાવવા આદેશ : મંદિર નિર્માણ કઈ રીતે થશે તે ટ્રસ્ટ નક્કી કરશે

નવી દિલ્હી, તા.૯

અયોધ્યા વિવાદ મામલામાં સુપ્રિમ કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપીને વિવાદાસ્પદ સ્થળ પર મંદિર નિર્માણનો હુકમ કર્યો હતો. કોર્ટે કેન્દ્ર સરકારને ત્રણ મહિનાની અંદર બોર્ડ ઓફ ટ્રસ્ટનીની રચના કરીને વિવાદાસ્પદ સ્થળને મંદિર નિર્માણ માટે આપવા કહ્યું હતું. કોર્ટે સાથે સાથે એમ પણ કહ્યું હતું કે કેન્દ્ર સરકાર સુન્ની વક્ફ બોર્ડને મસ્જિદ બનાવવા માટે અયોધ્યામાં પાંચ એકડ વૈકલ્પિક જમીન આપવા માટે કહેવામાં આવ્યું છે. સુપ્રિમ કોર્ટે નિર્મોહી અખાડાના દાવાને ફગાવી દીધો છે પરંતુ કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે કે મંદિર નિર્માણ માટે બનાવવામાં આવનાર બોર્ડ ઓફ ટ્રસ્ટીમાં તેને પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ. મંદિર નિર્માણ કઈરીતે થશે તે અંગે નિર્ણય બોર્ડ ટ્રસ્ટી દ્વારા કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટે પોતાના ચુકાદામાં એમ પણકહ્યું હતું કે મુસ્લિમ પક્ષો પોતાના પુરાવામાં આ બાબત સાબિત કરી શક્યા નથી કે વિવાદાસ્પદ જમીન પર તેમનો જ એકાધિકાર હતો. સુપ્રિમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા ૨૦૧૦માં જ્યારે ચુકાદો આપવામાં આવ્યો ત્યારે જમીન વહેંચણી અને સુન્ની વક્ફ બોર્ડને એક હિસ્સાને આપવાનો આદેશ ખોટો રહ્યો હતો. સીજેઆઈ રંજન ગોગોઈના નેતૃત્વમાં પાંચ જજની બેચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો.

## ભારતીયો આજે નવો ઈતિહાસ લખી રહ્યા છે : મોદી

**અયોધ્યા અંગે ઐતિહાસિક ચુકાદા બાદ મોદીનું રાષ્ટ્રને સંબોધન : આજનો દિવસ ઐતિહાસિક, હવે દેશના નિર્માણનો સમય છે : આજના દિવસે જ બર્લિનની દીવાર પડી હતી અને બે વિચારધારા એક રસ્તા પર આવી હતી : હવે દરેક નાગરિક પર ન્યુ ઈન્ડિયાના નિર્માણની જવાબદારી : મોદી**

નવી દિલ્હી, તા.૯

અયોધ્યા મામલા પર સુપ્રિમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે રાષ્ટ્રના નામ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે આજે સુપ્રિમ કોર્ટે એક એવા મહત્વપૂર્ણ મામલા પર ચુકાદો આપ્યો છે જેની પાછળ સેંકડો વર્ષોનો ઈતિહાસ છે. ઘણા લોકોની ઈચ્છા હતી કે દરરોજની સુનાવણી થવી જોઈએ અને ઈચ્છા મુજબ જ સુનાવણી થઈ હતી. આજે ચુકાદો આવ્યો છે. દશકો સુધી ચાલેલી ન્યાયિક પ્રક્રિયાનો અંત આવ્યો છે. હવે અમને આગળ વધવાની જરૂર છે. તેમણે કહ્યું હતું કે રામ મંદિરના નિર્માણનો ચુકાદો સુપ્રિમ કોર્ટે આપી દીધો છે. હવે દેશના દરેક નાગરિક પર દેશ નિર્માણની જવાબદારી વધી ગઈ છે. આજના દિવસને ઐતિહાસિક ગણાવીને કહ્યું હતું કે આજે નવમી નવેમ્બરનો દિવસ છે. આજના



દિવસે જ બર્લિનની દીવાર પણ તૂટી હતી અને બે વિચારધારાઓ એક રસ્તા ઉપર આવી હતી. તેમણે કહ્યું હતું કે આજના દિવસે જ કરતારપુર કોરીડોરનું ઉદ્‌ઘાટન થયું છે. હવે દરેક નાગરિક પર ન્યુ ઈન્ડિયાના નિર્માણની જવાબદારી પણ વધી ગઈ છે. આશરે ૧૧ મિનિટના પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે સમગ્ર દુનિયા માને છે કે ભારત દુનિયાના સૌથી

● અનુસંધાન પાન-૭ પર

## અયોધ્યા ચૂકાદા બાદ ૫ જજોની સુરક્ષા વધારાઈ

ન્યુ દિલ્હી,તા.૯

અયોધ્યા મામલે સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પાંચેય જજોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. મુખ્ય જજ રંજન ગોગોઈની ઝેડ સુરક્ષામાંથી ઝેડ પલ્સ કરવામાં આવી છે જ્યારે અન્ય ચાર જજોની વાયમાંથી વાય પલ્સ સુરક્ષા વધારવામાં આવી છે.

## પક્ષકારો પાસે રિવ્યુ પિટીશનનો વિકલ્પ

ન્યુ દિલ્હી,તા.૯

રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ અંગે શનિવારે સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ફેંસલો આપતાં વિવાદિત સ્થાન મંદિર માટે કેન્દ્ર સરકારને સોંપ્યું છે. અલબત્ત, બે સદી જૂના આ વિવાદમાં હજુ આ ચુકાદો પણ અંતિમ નહિ હોય. ચુકાદાથી અસંતુષ્ટ પક્ષકારો હજુ પણ રિવ્યુ પિટિશન દાખલ કરી શકે છે.

રિવ્યુ પિટીશન એટલે કે પુનઃવિચારણા અરજી કે જે આ ખંડપીઠ સમક્ષ જ આવે છે. મુખ્ય ન્યાયમૂર્તિ રંજન ગોગોઈની ખંડપીઠ દ્વારા આ સુનવણી અંગે ચૂકાદો આપ્યા બાદ પક્ષકારોની રિવ્યુ પિટીશન દાખલ કરવામાં આવે તો તેવા સંજોગોમાં સુનવણી કરવી કે નહીં તે અંગે સુપ્રીમે નક્કી કરવાનું રહેશે.











